GUJARAT VIDYAPITH KRISHI VIGYAN KENDRA
AMBHETI, DIST. – VALSAD (GUJARAT)

# NEWSLETTER

JULY - DEC., 2021

Number 20



*My life is My Message*

**PATRON**
Dr R. A. Khimani

**Chief Editor**
Dr R. F. Thakor
Senior Scientist & Head

**Editorial Team**
Shri K. A. Patel
Shri A. R. Patel
Shri L. T .Kapur
Shri M. M. Gajjar

**Support**
Dr B. M. Patel
Shri P. J. Joshi
Smt P. R. Ahir
Smt P. B. Ratiya
Shri P. R. Patel

*Half Yearly Newsletter Published by*

Gujarat Vidyapith
KRISHI VIGYAN KENDRA
AMBHETI –396 191
Dist. Valsad (Gujarat)
E-mail : kvkvalsad@gmail.com
Website : www.kvkvalsad.org

## Certificate Course for Pesticide dealers

Twelve days certificate course on pesticide management was organised at KVK in which 40 pesticide dealers of Valsad district were actively participated. During this programme, participants were guided in details about major pests, diseases and weed of major crops, pesticides and their efficient use and rules and regulations regarding pesticides. Mr. Chetanbhai Garasiya, Deputy Director Agri.(Quality Control), Dr Sachin Chavan, Scientist, NAU, Paria, Dr R. F. Thakor, Senior Scientist and Head and Mr K.A. Patel, Mr. M. M. Gajjar and Mr. P. J. Joshi (KVK) delivered talk on different aspects. Exposure tour of NAU, Navsari was also organised.





## જંતુનાશક વિક્રેતાઓ માટે સર્ટિફિકેટ કોર્સ

કૃષિ વિજ્ઞાન કેન્દ્ર, અંભેટી ખાતે પેસ્ટીસાઇડ્સ મેનેજમેન્ટ વિશે ૧૨ દિવસીય સર્ટિફિકેટ કોર્સ યોજવામાં આવેલ. આ તાલીમમાં વલસાડ જિલ્લાના ૪૦ જંતુનાશક વિક્રેતાઓએ ભાગ લીધેલ. આ તાલીમ દરમ્યાન શ્રી ચેતનભાઇ ગરાસિયા, નાયબ ખેતી નિયામક (ગુણવત્તા નિયંત્રણ) અને શ્રી. આર. બી. પટેલ, મદદનીશ ખેતી નિયામક (ગુણવત્તા નિયંત્રણ), વલસાડ તથા શ્રી. સચિનભાઇ ચવાણ (વૈજ્ઞાનિક, ન.કૃ.યુ., પરીયા) તેમજ કૃષિ વિજ્ઞાન કેન્દ્રના વરિષ્ઠ વૈજ્ઞાનિક અને વડાશ્રી ડૉ. આર. એફ. ઠાકોર અને તજજ્ઞો શ્રી કમલેશભાઇ, શ્રી મિતેશભાઇ, શ્રી. પી. જે. જોષી વગેરે દ્વારા મુખ્ય પાકોના રોગ, જીવાત અને નીંદણ વિશે તથા તેના સંકલિત વ્યવસ્થાપન વિશે તેમજ વિવિધ જંતુનાશકો અને તેના કાર્યક્ષમ ઉપયોગ તથા ઇન્સેક્ટીસાઇડ્સને લગતા કાયદા અને નીતિ નિયમો વગેરેની ઉંડાણપૂર્વકની માહિતી આપવામાં આવી. કાર્યક્રમના ભાગરૂપે નવસારી કૃષિ યુનિવર્સીટીની મુલાકાત લઇ તાલીમાર્થીઓએ વિવિધ જાણકારી મેળવી.

## Farmers– Scientist Meet

"Farmers-Scientists Connect Meet" under "Azadi ka Amrit Mahotsav" jointly organised by KVK and Zandu Foundation for Health Care, Ambach at KVK on 17/09/2021. More than 150 farmers and farm women were guided about importance of medicinal crops by Dr. Sagar Patil, Scientist, NAU, Paria and experts of KVK.




## ખેડુત- વૈજ્ઞાનિક ગોષ્ઠી

કૃષિ વિજ્ઞાન કેન્દ્ર અને ઝંડુ ફાઉન્ડેશન ફોર હેલ્થ કેર. અંબાચના સંયુક્ત ઉપક્રમે અઝાદી કા અમૃત મહોત્સવ અંતર્ગત તા. ૧૭/૦૯/૨૦૨૧ ના રોજ કેવીકે ખાતે ખેડુત વૈજ્ઞાનિક ગોષ્ઠીનું આયોજન કરવામાં આવ્યું. જેમાં ઉપસ્થિત અંદાજે ૧૫૦ ખેડુત ભાઇ બહેનોને ડૉ. સાગર પાટીલ, સંશોધન વૈજ્ઞાનિક, ન.કૃ.યુ., પરીયા અને કેવીકેના તજજ્ઞો દ્વારા ઔષધિય પાકો વિશે ઉપયોગી માર્ગદર્શન આપવામા આવ્યું.

**કિસાન કોલ સેન્ટર ૧૮૦૦૧૮૦૧૫૫૧**

## World Soil Day

World soil day was celebrated on 05/12/2021 at Samarpada village of Pardi block on theme "HALT SOIL SALINIZATION, BOOST SOIL PRODUCTIVITY". More than 82 farmers were participated in the programme. The participants guided on various components of soil health management.



## વિશ્વ જમીન દિવસ

પારડી તાલુકાના સામરપાડા ગામે તારીખ ૫ મી ડિસેમ્બરે " HALT SOIL SALINIZATION, BOOST SOIL PRODUCTIVITY (જમીનનુ ક્ષારીકરણ અટકાવો અને જમીનની ઉત્પાદકતા વધારો)" અંતર્ગત વિશ્વ જમીન દિવસની ઉજવણી કરવામાં આવી હતી. જેમાં ૮૨ સહયોગીઓએ ભાગ લીધો હતો.

## National Farmer Day

National Farmer Day was celebrated on 23rd Dec., 2021 on occasion of birth anniversery of our Ex. PM and farmers leader Late Shri Charansinh Chaudhary. More than 48 farmers were participated in this programme.



## રાષ્ટ્રીય કિસાન દિવસ

ભારતના ભૂતપૂર્વ પ્રધાનમંત્રી અને ખેડૂત નેતા સ્વ. ચરણસિંહ ચૌધરીના જન્મદિવસને 'રાષ્ટ્રીય કિસાન દિવસ' તરીકે ઉજવવામાં આવે છે. કેન્દ્ર ખાતે તા. ૨૩/૧૨/૨૦૨૧ ના રોજ કિસાન દિવસની ઉજવણી કરવામાં આવેલ. જેમાં અંદાજે ૪૮ જેટલા ખેડુતો ઉપસ્થિત રહ્યા હતા.

## Women in Agriculture Day

The women in Agriculture Day was celebrated at Amdha village on 15th Oct., 2021 in which about 65 farm women participated. They were motivated for vegetable nursery raising, mushroom cultivation and nutritional garden.



## મહિલા કિસાન દિવસ

આમધા ગામે તા. ૧૫-૧૦-૨૦૨૧નાં રોજ મહિલા કિસાન દિવસની ઉજવણી કરવામાં આવી. જેમાં ૬૫ મહિલાઓ ઉપસ્થિત રહી જેમને શાકભાજી ધરુ ઉછેર, મશરૂમ ઉત્પાદન, ન્યુટ્રીશનલ ગાર્ડન અંગે માર્ગદર્શન આપવામાં આવ્યું.

## World Food Day

The World Food Day was celebrated at Kolvera on 15th Oct., 2021 in which about 106 farmers were participated. They were guided on improved technologies of paddy and fingermillet by experts of KVK.



## વિશ્વ અન્ન દિન

કેન્દ્ર દ્વારા તા. ૧૬-૧૦-૨૦૨૧ ના રોજ કોલવેરા ગામે વિશ્વ અન્ન દિનની ઉજવણી કરવામાં આવેલ. જેમાં કોલવેરા અને આજુબાજુના ગામોના અંદાજે ૧૦૬ જેટલા ખેડુતો ઉપસ્થિત રહ્યા હતા. કેન્દ્રના વિષય નિષ્ણાંતો દ્વારા ખેડુતોને ઉપયોગી માર્ગદર્શન આપવામાં આવેલ.

## ICAR Estblishment Day

ICAR establishment day was celebrated on 16th July, 2021 at KVK. About 70 farmers were guided on latest agriculture technologies by the experts of KVK.



## આઇસીએઆર સ્થાપના દિવસ

તા. ૧૬/૦૭/૨૦૨૧ના રોજ કેવીકે ખાતે આઇસીએઆર સ્થાપના દિવસની ઉજવણી કરવામાં આવેલ. જેમાં ઉપસ્થિત ૭૦ જેટલા ખેડુતોને કેન્દ્રના નિષ્ણાંતો દ્વારા ઉપયોગી માર્ગદર્શન આપવામાં આવેલ.

## Agricuture Education Day

Agricultural Education Day was celebrated on 5th Sep., 2021 under the Azadi ka Amrit Mahotsav by KVK. About 35 students were guided about importance of agriculture education.



## કૃષિ શિક્ષણ દિવસની ઉજવણી

આઝાદીના અમૃત મહોત્સવ અંતર્ગત તા. ૦૫/૦૯/૨૦૨૧ના રોજ કૃષિ શિક્ષણ દિવસની ઉજવણી નિમિત્તે કેવીકે ખાતે ૩૫ જેટલા વિદ્યાર્થીઓને કૃષિ શિક્ષણની ઉપયોગિતા અંગે જરૂરી માર્ગદર્શન આપવામાં આવેલ.

## Front Line Demonstrations

### Field Day

Front line Demonstration on Finger millet var. Guj. Nagli. 5 and Pigeonpea var. GT 104 were organized during kharif season. Field Day on Nagli was organized on 16th Oct.,2021 at Kolvera village in which about 106 farmers were participated.. Similarly, Field Day on pigeonpea was organized at Nanivahiyal village in which about 30 farmers were participated.

### Crop : Paddy

Front line Demonstration on Paddy var. Sardar was conducted on 35 ha area(175 farmers) during kharif season. Field days were organized at Sadadvera and Chival village during Oct.,21 in which more than 125 farmers were participated. The demonstrated variety gave 23.69% higher yield as compare to local variety.

### Biocontrol of pest and diseases

Demonstration on biopesticides like Neem oil, Pseudomonas, Beuvaria, etc. was organized in paddy, pigeonpea, finger millet and bittergourd crops.

### Crop : Chickpea

Under National Food Security Mission (NFSM), Cluster Frontline Demonstrations on chickpea was conducted on 10 ha (25 farmers) in Dhodhadkuva, Pati, Nani Vahiyal and Sadadvera villages during Rabi 2021-22. The wilt disease resistant and bold seeded variety GJG-6 was demonstrated with recommended practices.

### Vermicompost

Vermicompost production technology was demonstrated on 9 farmers' field at Panas and Ambheti village to assist farmers for quality production of vermicompost using farm waste.

### NARI project

A survey of 150 families of 4 villages on nutritional status was carried out by KVK. Demonstration on nutritional garden (Gangama Circle) was organized for supervisors of ICDS, Anganwadi workers and farm women by providing 91 kits of vegetables seed and fruit plants for food security by organic farming. The plug tray and cocopit also provided.to 25 farm women.















## અગ્ર હરોળ નિદર્શનો

### ક્ષેત્રદિન ની ઉજવણી

ખરીફ ઋતુમાં નાગલી (ગુજ. નાગલી-૫) અને તુવેર(જીટી-૧૦૪)ના નિદર્શનો ગોઠવવામાં આવેલ. તા. ૧૬/૧૦/૨૦૨૧ના રોજ કોલવેરા ખાતે નાગલી પાક અંતર્ગત યોજાયેલ ક્ષેત્ર દિનમાં ૧૦૬ જેટલા ખેડુતોએ ભાગ લીધો હતો. જ્યારે તુવેર પાક નિદર્શન હેઠળ નાની વહિયાળ ખાતે યોજાયેલ ક્ષેત્ર દિનમાં ૩૦ જેટલા ખેડુતોએ ભાગ લીધેલ.

### ડાંગર પાક

ખરીફ ઋતુમાં ડાંગર પાક (સરદાર જાત) ના ૩૫ હે. વિસ્તારમાં ૧૭૫ ખેડુતોના ખેતરે નિદર્શનો ગોઠવવામાં આવેલ. તા.૦૭/૧૦/૨૧ ના રોજ સાદડવેરા અને તા. ૨૭/૧૦/૨૧ના રોજ ચીવલ ગામે ગોઠવેલ ક્ષેત્રદિનોમાં અંદાજે ૧૨૫ જેટલા ખેડુતોએ ભાગ લીધેલ. નિદર્શિત જાતમાં ૨૩.૬૯% જેટલો ઉત્પાદનમાં વધારો જોવા મળેલ.

### જૈવિક રોગ જીવાત નિયંત્રણ

ડાંગર, તુવેર, નાગલી અને કારેલાં પાકોમાં રોગ જીવાતોના જૈવિક નિયંત્રણ માટે નીમ ઓઇલ, સુડોમોનાસ, બીવેરીયા જેવી જૈવિક દવાઓના નિદર્શન ગોઠવવામાં આવ્યાં.

### ચણા પાક

એન.એફ.એસ.એમ. કઠોળ પ્રોજેક્ટ અંતર્ગત ચણા પાકનું ઉત્પાદન વધારવા અને નવી સુધારેલ જાત ખેડુતો કરતા થાય એ હેતુથી ૧૦ હેક્ટર વિસ્તારમાં ૨૫ જેટલા ખેડુત સહયોગીઓને સુકારા રોગ સામે પ્રતિકારક એવી મોટા દાણાવાળી ચણાની નવી સુધારેલી જી.જે.જી.-૬ જાતનાં અગ્ર હરોળ નિદર્શનો ગોઠવવામાં આવ્યા.

### વર્મીકમ્પોસ્ટ

ખેડુતો ગુણવત્તાયુક્ત વર્મીકંપોસ્ટ પોતાના ઘર આંગણે પેદા કરી શકે અને જમીનની તંદુરસ્તી સુધરે તે હેતુથી પાનસ અને અંબેટી ગામના ૯ ખેડુતોને વર્મી કંપોસ્ટ બેડના નિદર્શન આપવામાં આવેલ.

### NARI પ્રોજેક્ટ

કેન્દ્ર દ્વારા ૪ ગામોમાં ૧૫૦ કુટુંબનો ન્યુટ્રીશનલ સ્ટેટસ અંગે સર્વે કરવામાં આવેલ. સજીવ ખેતી થકી તાજા શાકભાજી બારેમાસ મેળવી શકે તે માટે ન્યુટ્રીશનલ ગાર્ડન (ગંગામાં વર્તુળ) માટે ICDSનાં સુપરવાઇઝર બહેનો અને આંગણવાડી કાર્યકરો તેમજ ખેડુત મહિલાઓને ૯૧ શાકભાજી કીટ તથા ફળઝાડનાં રોપા આપવામાં આવ્યાં. ૨૫ બહેનોને પ્લગ ટ્રે અને કોકોપીટ આપવામાં આવ્યું.

## Poshan Mah

Poshan Mah was celebrated during 1st to 30th Sep.,2021 to aware the Anganwadi workers and farm women about balanced diet and biofortified varieties. Various programmes like Nutri Thali from locally available grains and vegetables, Nutri rich food item competition, tree plantation etc. were organized in which about 291 women participated.



## પોષણમાસની ઉજવણી

આંગણવાડી કાર્યકર બહેનો અને ખેડુત મહિલાઓને પોષણક્ષમ આહાર તથા બાયોફોર્ટીફાઇડ જાતોથી માહિતગાર કરવા માટે તા. ૦૧ થી ૩૦ સપ્ટે.,૨૧ દરમ્યાન રાષ્ટ્રીય પોષણમાહની ઉજવણી કરવામાં આવી. જેમાં સ્થાનિક ઉપલબ્ધ અનાજ/શાકભાજીમાંથી ન્યુટ્રીથાળી, સલાડ, પૌષ્ટિક નાસ્તા અંગે વાનગી હરિફાઇ અને વૃક્ષારોપણ જેવાં કાર્યક્રમો કરવામાં આવ્યા જેમાં ૨૯૧ બહેનોએ ભાગ લીધો.

## Parthenium Grass Week

Various programmes to create awareness about parthenium grass were organized during 16th to 22nd August, 2021 at KVK and village level. The farmers were guided on identification of weed, its damage and its integrated management by KVK experts.



## ગાજરઘાસ જાગૃત્તિ સપ્તાહ

તા.૧૬ થી ૨૨મી ઓગસ્ટ, ૨૦૨૧ સપ્તાહ દરમ્યાન ખોફનાક પરદેશી નિંદામણ ગાજરઘાસ અંગે જાગૃત્તિ લાવવા માટે  કેવીકે તથા જુદાજુદા ગામોમાં વિવિધ કાર્યક્રમો દ્વારા નિંદામણની ઓળખ, તેનાથી થતું નુકશાન અને તેના સંકલિત વ્યવસ્થાપન વિશે ખેડુતોને માર્ગદર્શન આપવામાં આવ્યું.

## Swachchata Pakhwada

Swachchata Pakhwada was celebrated during 16th to 30th Sep., 2021. Various activities on cleaning awareness, management of farm waste, water conservation, organic farming, compost making, eco-friendly technologies, kitchen gardens, etc. were organized



## સ્વચ્છતા પખવાડા

તા. ૧૬ થી ૩૦ સપ્ટેમ્બર દરમ્યાન સ્વચ્છતા પખવાડીયા અંતર્ગત વિવિધ પ્રવૃત્તિઓ કરવામાં આવી. જેમાં કેન્દ્ર ખાતે તેમજ જુદા જુદા ગામોમાં સફાઇ અભિયાન ઉપરાંત સેન્દ્રિય કચરાનુ યોગ્ય વ્યવસ્થાપન, જળ સંરક્ષણ, સજીવ ખેતી, ખેતરના કચરામાંથી ખાતર બનાવવુ તથા ઇકોફ્રેન્ડલી તાંત્રિકતાઓ અને કિચન ગાર્ડનની જાગૃતિ માટે વિવિધ કાર્યક્રમોનુ આયોજન કરવામાં આવ્યુ હતું.

## DAMU Project

Total 53 Agromet Advisory Services were delivered to the farmers and 6 awareness programmes for farmers were organised in which detail information about weather forecasting, agromet advisory services, Meghdut & Damini mobile application, etc. were provided to about 176 farmers.



## "DAMU" પ્રોજેક્ટ

આ પ્રોજેક્ટ અંતર્ગત કુલ ૫૩ કૃષિ હવામાન સલાહકારી સેવા ખેડુતોને આપવામાં આવી. પ્રોજેક્ટ અંતર્ગત ૬ ખેડુત જાગૃત્તતા કાર્યક્રમ યોજવામાં આવેલ જેમાં વિવિધ ગામોનાં ૧૭૬ જેટલા ખેડુતોને કૃષિ હવામાન સલાહકારી સેવા, મેઘદૂત અને દામિની મોબાઇલ એપ્લીકેશન અંગે વિસ્તૃત માહિતી આપવામાં આવેલ.

**BOOK - POST**

**From -**
Gujarat Vidyapith
Krishi Vigyan Kendra
Ambheti, Via. Vapi
Ta. Kaprada, Dist. Valsad (Gujarat) 396191